પોતાથી થાય છે. સમજાય છે કાંઈ ? **'જબ વહ જ્ઞેયકો ગ્રહણ કરતા અર્થાત્ જાનતા હૈ,...'** પોતાના જ્ઞાનસ્વભાવમાં શરીર, વાણી, મન, પરપદાર્થ અને પુણ્ય-પાપના વિકલ્પને આત્મા જાણે છે **'તબ ઉસકી પરિણતિ જ્ઞેયાકાર હોતી હૈ,...'** તેની પરિણતિ જ્ઞેયાકાર થાય છે એનો અર્થ કે જેવું જ્ઞેય છે એવો પોતામાં પોતાને કારણે જ્ઞાન પરિણતિરૂપ જ્ઞેયાકાર થાય છે. સમજાય છે કાંઈ ? આહા..હા...!

**શ્રોતા :–** જ્ઞાનાકાર...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જ્ઞેયાકાર પરિણતિ એ નિમિત્તથી કથન કર્યું. જ્ઞેયને જાણતા જ્ઞાનની વર્તમાન દશા, કેમકે જ્ઞાનસ્વરૂપ જ્ઞાનગમ્ય અને જ્ઞાનગમ્યની વર્તમાન અવસ્થામાં રાગ, દ્વેષ, વિષયવાસના, શરીરની ક્રિયા જ્ઞેય છે, તો **જ્ઞેય આકારે પોતાની જ્ઞાન પરિણતિ, જ્ઞેયનો આકાર એટલે જેવું જ્ઞેયનું સ્વરૂપ એવું પોતાના જ્ઞાનમાં એ સ્વરૂપનું જ્ઞાન પોતાથી આવી જાય છે. સમજાય છે કાંઈ ?** '...' આવો માર્ગ. આહા..હા...! એ પર્યાયનો સ્વભાવ છે.

**'ક્યોંકિ જ્ઞાન સવિકલ્પ હૈ,...'** અર્થાત્ જ્ઞાનમાં સ્વ-પર જાણવાનો સ્વભાવ છે. સવિકલ્પનો અર્થ ઇ. બે છે ને ? સ્વ-પર જાણવું એ સવિકલ્પ છે. સવિકલ્પનો અર્થ અહીંયા રાગ નહિ. બે પ્રકારે જાણવું એ જ સવિકલ્પ થયું. સમજાય છે કાંઈ ? એ 'પ્રવચનસાર' માં લીધું છે. સ્વ-પરપ્રકાશક જે જ્ઞાનની પર્યાય છે તેને જ વિકલ્પ કહે છે. કેવળજ્ઞાનમાં પણ વિકલ્પ છે. વિકલ્પનો અર્થ સ્વપરના જ્ઞાનનું પરિણમન. સમજાય છે કાંઈ ? સૂક્ષ્મ છે.

**શ્રોતા :–** વિકલ્પના બે અર્થ થયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વિકલ્પના બે અર્થ. એક રાગરૂપ વિકલ્પ, એ તો પહેલા કહ્યું. રાગ આત્માની શાંતિને હણનાર છે. એ તો નહિ. હવે એ રાગનું જ્ઞાન. રાગ છે, જેવો રાગ ઉત્પન્ન થાય છે, તે પ્રકારે એ જ્ઞેયને આકારે નામ જેવું જ્ઞેયનું સ્વરૂપ એવા સ્વરૂપપણે પોતાની જ્ઞાન પરિણતિ, પોતાથી, પોતામાં થાય છે. અગમ્યને ગમ્ય કરવું એ ચીજ અહીંયા છે.

વસ્તુ જ્ઞાન ભગવાન પ્રજ્ઞાબ્રહ્મ રાગથી ગમ્ય નથી થતી, જ્ઞાનથી ગમ્ય થાય છે. તો જ્ઞાનમાં પોતાની દશામાં સ્વ-પરને જાણવારૂપ પરિણમન થાય એ તો પોતાનો સ્વભાવ છે. તો કહે છે, **'જ્ઞાન સવિકલ્પ છે, દર્શનકે સમાન નિર્વિકલ્પ નહીં હૈ,...'** દર્શનમાં તો ભેદ પડતા જ નથી કે હું આ છું ને હું આ છું, એવા ભેદ નથી. દર્શનને પણ જ્ઞાન જાણે છે. સમજાય છે કાંઈ ? જ્ઞાન સવિકલ્પ છે અને દર્શનની જેમ અભેદ નથી અર્થાત્ સ્વ-પરને જાણવું એવું દર્શનમાં નથી, જ્ઞાનમાં છે.

**'જ્ઞાન જ્ઞેયકે આકાર આદિકો વિકલ્પ કરતા હૈ,...'** વિકલ્પ કરતા હૈ એનો અર્થ આ નાનું છે, આ મોટું છે, એ નાના-મોટાનો વિકલ્પ કરે છે એવો એનો અર્થ નથી. આ નાનું છે, આ મોટું છે એવું જ્ઞાન પોતામાં સ્વ-પરપ્રકાશકની પરિણતિ થાય છે. વિકલ્પનો અર્થ વિકલ્પ કરે છે એમ નથી. એમ થાય છે, જ્ઞાનનો સ્વભાવ જ એવો છે. પોતાને જાણતા

G.K.D.M.-3

'द्रव्यान्तरचुम्बनाकुलधियः' 'आकुलधियः' શું? પરને સ્પર્શીને 'જ્ઞેયવસ્તુનું જાણપણું કઈ રીતે છૂટે...' પરનું સ્પર્શવું, જાણે અડું છું એ કેમ છૂટે? અથવા પરનું જાણવું મને થાય છે, એ તો પરનું જાણવું થયું એ તો અશુદ્ધતા થઈ. માટે પરનું જાણવું કેમ છૂટે? એમ અજ્ઞાની [illegible] છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એને ઘણે ઠેકાણેથી પાછો વાળવો [illegible] આહા..! આ કંઈ વાતે વડા થાય એવું નથી. વડા માટે અનાજ ને તેલ ને ઘી જોઈએ. એમ આ અંદરનો માલ છે. આહાહા..!

ચૈતન્ય તત્ત્વ તે અચેતન તત્ત્વને કેમ અડે? અચેતન જડ તો ઠીક પણ રાગેય અચેતન છે એને કેમ અડે? આહાહા..! એટલે કે એને કેમ સ્પર્શે? એટલે કે જ્ઞાનને એમ થઈ જાય કે આ રાગને જાણું છું માટે હું સ્પર્શ્યો છું અને તેથી એનું મને જ્ઞાન થાય છે તે અશુદ્ધ છે. એથી એનું જ્ઞાન છૂટે તો હું શુદ્ધ થાઉં, એ ભ્રમ છે. સમજાય છે કાંઈ? આહાહા..! અહીં તો હજી પરની દયા પાળે તો ધર્મ થાય (એમ માને). અર..ર..ર..! કાળા કેર કરે છે ને! આત્માને હણી નાખે છે. મરણતુલ્ય કરે છે, નથી આવ્યું? 'કળશ ટીકા'માં આવ્યું છે. આહાહા..! હેં?

મુમુક્ષુ :- 'સમાધિ શતક'માં એમ કહ્યું, હણાય જાય છે.

ઉત્તર :- આ તો જગત હણાય છે, પણ અહીં તો પોતે મરણતુલ્ય થઈ જાય છે. પોતાને મરણતુલ્ય કરી નાખે છે. આહાહા..! એટલે કે જાણે હું જાગતી જ્યોત ચૈતન્ય જ્ઞાન, દર્શન, આનંદના સ્વભાવવાળી છું એમ નથી માનતો. એ તો જાણે કે રાગને કરું છું ને રાગને સ્પર્શું છું એ જીવના સ્વરૂપને એણે મરણતુલ્ય કરી નાખ્યું. જાણનાર-દેખનારના સ્વભાવને તેણે હણી નાખ્યો. આહાહા..! પરને તો હણી શકતો નથી... આહાહા..! પણ પોતાને આ રીતે વ્યવહાર રત્નત્રયનો રાગ આવે એને હું અડું છું, ઇ તો ઠીક, ઇ તો વળી વ્યવહાર રત્નત્રયથી મને નિશ્ચયમાં લાભ થાય છે, અરે..! પ્રભુ! તું જ્ઞાન અને આનંદનો ધણી છો, એ રાગના વિકારથી તને અવિકારીનો લાભ થાય (એમ કેમ બને?) અવિકારી તું છો એમાંથી અવિકારી લાભ થાય. આહાહા..! સમજાણું કાંઈ? આવો ધર્મ હવે.

મુમુક્ષુ :- અપરાધભાવથી નિરપરાધભાવ કેમ થાય?

ઉત્તર :- હા, પણ અત્યારે તો ઇ ચાલ્યું છે.

અહીં તો ઇથી આગળ જઈને એને જાણવાથી હું અશુદ્ધ થઈ જાઉં છું. તો એ તો એનું જાણવું અને પોતાનું જાણવું એ તો પોતાના સ્વભાવમાં રહીને જાણી શકવાનો સ્વભાવ છે. પરનું જાણવું થઈ ગયું માટે અશુદ્ધ થઈ ગયો. પરવસ્તુ છે ને? એને જાણ્યું તો અશુદ્ધ થઈ ગયો માટે સ્વને જાણું તો શુદ્ધ, એ પરને જાણવું છોડી દઉં. તો પરનું જાણવું તો તારો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. એને છોડવા જઈશ તો તારી વસ્તુ છૂટી જશે. આહાહા..! અરે..! ચોરાશીના અવતારમાં રખડી મર્યો છે અનંતકાળ. આવી ભ્રમણા ક્યાંક ક્યાંક એવી (રીતે

ઘંટીએ દળવું, આમ કરવું ને આમ કરવું... ન્યાં ને ન્યાં સલવાણા. ઘઉંને ત્યાં દળવા ને પાછા ધોવા... પણ હવે એ તો સ્હેજે દેહની, જડની ક્રિયા એને કારણે થવાની હોય તો થાય આત્મા એનો કર્તા નથી. ત્યાં સલવાણા. બરાબર ક્રિયા આવી કરવી, હોં! નિર્દોષ આહાર માટે બિચારાને વ . એક જણો કહેતો હતો, મહારાજ! તમે આ વાતું કરો છો પણ અમારે તો આશ્રમ ે (એટલે) ચોખા તપાસવા ને ઘઉં તપાસવા, એમાં રહેવું (પડે). અમારે આ સમજવું, સાંભળવું, વિચારવું કે દિ'? ત્રણ ત્રણ કલાક ન્યાં રહે. કોણ? 'પરશુરામજી'! 'પરશુરામજી' કહેતા હતા.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– સવિકલ્પ છે. સવિકલ્પનો અર્થ શું? રાગ નહિ. સવિકલ્પનો અર્થ સ્વ-પરને જાણે એનું નામ સવિકલ્પ છે. સવિકલ્પનો અર્થ રાગ નહિ. સ્વ-પરને જાણે તેનું નામ જ સવિકલ્પ છે. બીજા (ગુણો) સ્વ-પરને નથી જાણતા માટે બીજાને નિર્વિકલ્પ કહે છે. વિકલ્પ એટલે રાગની અપેક્ષાની વાત નથી. કેવળજ્ઞાન પણ સવિકલ્પ છે. સવિકલ્પનો અર્થ સ્વ-પરને જાણવું તેનું નામ સવિકલ્પ છે. એ તો 'પ્રવચનસાર'માં આવે છે ને? અર્થાકાર. સ્વ-પરના અર્થાકારે પરિણમવું એ જ સવિકલ્પ છે. સવિકલ્પ (એટલે) રાગ-ફાગની અહીં વાત નથી. સમજાય છે કાંઈ?

સ્વ-પર પ્રતિચ્છેદક બેને જાણનાર તેનું નામ સવિકલ્પનો અર્થ આ રાગ નહિ. સ્વ-પરને જાણવાનો ભાવ, તેનું નામ જ સવિકલ્પ છે. એ સવિકલ્પ રાગથી નિર્વિકલ્પ છે. રાગથી નિર્વિકલ્પ છે. પણ સ્વ-પરના જાણવાના આકારરૂપે પરિણમવું તેનું નામ જ સવિકલ્પ છે. એ તો પોતાનો સ્વભાવ છે. સિદ્ધનું કેવળજ્ઞાન પણ સવિકલ્પ છે. સમજાય છે કાંઈ? આહાહા...!

અહીં એ જ કહે છે. ભગવાન! સર્વ જીવ જ્ઞાનમય એમ જાણવું કહ્યું ને? ભાઈ! પોતે જાણે ને પરને જાણે, બેય આવ્યું. હું પણ જ્ઞાનમય છું તો જ્ઞાનનો સ્વભાવ છે કે હું પણ જ્ઞાનમય છું, બધા જ્ઞાનમય છે એવું એનું જાણવું. જાણવું બેયનું એ કાંઈ રાગનું કારણ નથી. એ તો એનો સ્વભાવ છે. સ્વપરને જાણવારૂપે પરિણમવું, પરિણમવું, થવું એ જ્ઞાનના પર્યાયનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? એથી એ સવિકલ્પ જ્ઞાન જ્ઞાતાપણે હું આ જ્ઞાન છું, એમ જે પર્યાયમાં જ્ઞાતાપણું પ્રગટ્યું એ પર્યાય સ્વપરપ્રકાશક પ્રગટી પણ એ રાગ વિનાની સમતાભાવની પ્રગટી. સમજાણું કાંઈ? આહાહા...!

જુઓને! આચાર્યે એટલે કહ્યું! 'सव्वे जीवा णाणमया, जो सम-भाव मुणेइ' એમ લીધું છે ને પાછું? એમ નહિ કે એકલાને જાણે એમાં ન લીધું આમાં. પણ એ તો એનો સ્વભાવ છે, એમ કહે છે. હું જ્ઞાનમય છું એમ જાણ્યું ત્યારે પણ શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ જ ઉત્પન્ન થઈ અને બધા જીવો જ્ઞાનનો સ્વભાવ છે કે સ્વપરને જાણવું એટલું જ એનું એ સામર્થ્યનું સત્વ છે. ઇ રાગ નહિ. એટલે આમ બહારના બધા જ્ઞાનમાં આવ્યા, નિશ્ચયથી આને જ્યાં